# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

મંડળની જા.ક્ર. (૧) ૧૯૪/૨૦૨૦૨૧- બાગાયત નિરીક્ષક (૨) જા.ક્ર. ૧૯૫/૨૦૨૦૨૧- સેનેટરી ઇન્સ્પેક્ટર, (૩) જા.ક્ર. ૧૯૭/૨૦૨૦૨૧, મેનેજર- ગ્રેડ-૨, વર્ગ- ૩ સંવર્ગોની પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટી અને બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ એમ બંને કસોટીમાં ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટ આધારે પ્રમાણપત્રોની ચકાસણી માટે ઉમેદવારોની યાદી તા.૧૮/૦૬/૨૦૨૨ અને તા.૦૭/૦૭/૨૦૨૨ ના રોજ મંડળની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. પ્રમાણપત્રોની ચકાસણીને અંતે ઉકત સંવર્ગોની પસંદગી યાદી તા.૧૯/૦૯/૨૦૨૨ના રોજ મંડળની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ઉકત સંવર્ગોમાં પ્રતિક્ષા યાદી માટે કેટેગરીવાઇઝ વધુ કેટલાક ઉમેદવારોનો સમાવેશ કરવાનો થાય છે જેઓના પ્રમાણપત્રોની ચકાસણી કરવાની બાકી છે. ઉકત સંવર્ગોના નીચે દર્શાવેલ ઉમેદવારોના પ્રમાણપત્રોની ઓનલાઇન ચકાસણી કરવા નિર્ણય કરવામાં આવ્યો છે, જેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| દસ્તાવેજો/ પ્રમાણપત્રો અપલોડ કરવા માટેની લીંક | https://iass.gujarat.gov.in/ |
| દસ્તાવેજો/પ્રમાણપત્રો અપલોડ કરવા માટેની શરૂ થવાની તારીખ | તા.૨૮/૦૯/૨૦૨૨ ૧૩.૦૦ કલાકે |
| દસ્તાવેજો/પ્રમાણપત્રો અપલોડ કરવા માટેની અંતિમ તારીખ | તા.૨૯/૦૯/૨૦૨૨ ૨૩.૫૯ કલાકે |

આ માટે ઉમેદવારોએ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવા વિનંતી છે.

૧. આ માટે ઉમેદવારોએ https://iass.gujarat.gov.in/ વેબસાઇટ પર જઇને જાહેરાત ક્રમાંક પસંદ કરી, પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાંખીને log in થવાનું રહેશે. પ્રમાણપત્રો અપલોડ કરતાં પહેલાં સ્ક્રીન પર એ અંગેની સૂચનાઓ ધ્યાનથી વાંચીને, એને અનુસરીને તા.૨૮/૦૯/૨૦૨૨ થી તા.૨૯/૦૯/૨૦૨૨ દરમિયાન પોતાનાં અસલ પ્રમાણપત્રોની પીડીએફ ફાઇલ અપલોડ કરવાની રહેશે.

૨. ઉમેદવારે પોતાના ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબનાં તમામ અસલ પ્રમાણપત્રોની પીડીએફ ફાઇલ અપલોડ કરવાની રહેશે.

૩. કોઇ પ્રમાણપત્ર કે જે ઉમેદવારને અપલોડ કરવું અનિવાર્ય લાગતું હોય તો તે છેલ્લા કોલમ (Other) માં અપલોડ કરવાનું રહેશે.

૪. અનામત વર્ગના ઉમેદવારોએ પોતાને લાગું પડતુ અને સમયમર્યાદા દરમિયાનનું માન્ય હોય તે જાતિપ્રમાણપત્ર/નોન-ક્રીમીલેયરની અસલ પીડીએફ ફાઇલ અપલોડ કરવાની રહેશે.

૫. ધોરણ ૧૦, ૧૨ કે સમકક્ષ અભ્યાસક્રમમાં, સ્નાતક લેવલે કે એના સમકક્ષ અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર વિષય રાખેલ ન હોય તો કોમ્પ્યુટરની જાણકારી અંગેના સરકાર માન્ય અસલ પ્રમાણપત્રની પીડીએફ ફાઇલ અપલોડ કરવાની રહેશે.

૬. જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની માર્કશીટ (તમામ સેમેસ્ટરની માર્કશીટની એક જ પીડીએફ ફાઇલ) અને પ્રમાણપત્રની પીડીએફ ફાઇલ અપલોડ કરવાની રહેશે.

૭. સદર જાહેરાતો સંદર્ભે માન્ય રમત કે ખેલકૂદમાં અને માન્ય કક્ષાએ ભાગ લીધેલ હોય તો એ અંગે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત નમૂનાના અસલ પ્રમાણપત્રોની પીડીએફ ફાઇલ અપલોડ કરવાની રહેશે.

૮. મહિલા ઉમેદવાર જો પરિણીત હોય અને અરજીપત્રક અને પ્રમાણપત્રોના નામમાં વિસંગતતા હોય તો લગ્ન નોંધણી પ્રમાણપત્ર, સરકારી ગેઝેટ કે સોગંદનામાની અસલ પીડીએફ ફાઇલ અપલોડ કરવાની રહેશે.

૯. ઉમેદવાર અગાઉથી સરકારી સેવામાં ફરજ બજાવતા હોય તો તેવા ઉમેદવારે તેમની કચેરી/ખાતાનું નોકરીમાં જોડાયા તારીખ/સમયગાળાનું અસલ પ્રમાણપત્ર તથા ના વંધા પ્રમાણપત્ર (NOC) ની પીડીએફ ફાઇલ અપલોડ કરવાની રહેશે.

૧૦. ઉક્ત સમયમર્યાદામાં દરેક ઉમેદવારે પોતાના અસલ પ્રમાણપત્રો અચૂક અપલોડ કરવાના રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.

## ADVT. 194/202021 - HORTICULTURE SUPERVISOR

| SR. NO. | SEAT NO. WR/PR | NAME | M/F | CATEGORY | SPORTS STATUS | MARKS WT/PR | SPORTS MARKS | TOTAL MARKS | SELECTION CATEGORY |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 194000191<br>194000004 | CHANDRAKANTBHAI BABARBHAI PARMAR | M | SEBC | YES | 56.50<br>23.05 | 2.83 | 82.38 | SEBC |
| 2 | 194001373<br>194000033 | RUPALIBEN PRAVINBHAI PATEL | F | ST | NO | 50.00<br>20.44 | 0.00 | 70.44 | ST |

## ADVT. 195/202021 - SANITARY INSPECTOR

| SR. NO. | SEAT NO. WR/PR | NAME | M/F | CATEGORY | SPORTS STATUS | MARKS WT/PR | SPORTS MARKS | TOTAL MARKS | SELECTION CATEGORY |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 195002417<br>195000006 | HITESHKUMAR RAMAJIBHAI PATEL | M | General(EWS) | NO | 51.25<br>21.72 | 0.00 | 72.97 | EWS |

## ADVT. 197/202021 - MANAGER - GRADE- II

| SR. NO. | SEAT NO. WR/PR | NAME | M/F | CATEGORY | SPORTS STATUS | MARKS WT/PR | SPORTS MARKS | TOTAL MARKS | SELECTION CATEGORY |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 197000862<br>197000019 | JACOB THOMAS | M | General | NO | 87.75<br>40.76 | 0.00 | 128.51 | GENERAL |
| 2 | 197000432<br>197000007 | KAUSHIKKUMAR PRABHUDAS VADHER | M | SEBC | NO | 77.75<br>32.22 | 0.00 | 109.97 | SEBC |

સ્થળ: ગાંધીનગર (એચ. એચ. પટેલ)

તારીખ: ૨૭/૦૯/૨૦૨૨ સચિવ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર